જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૯/૨૦૧૭ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૪૪/૧૭**

**મહિલા ક્રાઇમ બ્રાન્ચ :**

અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન પાંચમા નોરતે પણ શહેર ના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઢવી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા ૦૫ યુવાનોને ઝડપી પાડ્યા.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબર સેલ ના મહિલા અધિકારી/કર્મચારી ઓને ડીકોય ની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રીના પાંચમા નોરતે પણ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન ડીકોયની ટીમોએ ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઢવેલ આ દરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેસમાં મોકલી ડીકોય ગોઠવતા કુલ્લે-૦૫ યુવાનો ને ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેસવાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે.તેમજ શહેર મહીલા સમિતી,વોર્ડ મહીલા સમિતી,વિવિધ એનજીઓ અને ખાનગી વાતમીદારોને આગામી નવરાત્રીના દિવસોમાં આવી અસામાજીક પ્રવૃતિ કરતા યુવાનોની માહીતી મળેતો મહીલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતેઅથવા તો કંટ્રોલરૂમ અથવા એસીપી મહીલાસેલ અને મહીલા હેલ્પલાઇન -૧૮૧ ને જાણ કરવા અલગ અલગ ગ્રુપમા સોસિયલ મીડીયાથી જાણ કરવા જાણ કરવામા આવેલ છે.

તા.૨૬/૦૯/૨૦૧૭

**<u>રામોલ પોલીસ સ્ટેશન :</u>**

## ભુલા પડી ગયેલા પાંચ બાળકોને પરીવાર સાથે કરાવ્યું મીલન

### રામોલ પોલીસ સ્ટેશનઃ-

ગતરોજ રામોલ પોલીસ સ્ટેશનની મોબાઇલ વાન રાત્રી પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન રીંગરોડ પાસેની એક હોટલના ઓટલા ઉપર પાંચ નાના બાળકો સુતેલી હાલતમાં જોવા મળતા મોબાઇલ ઇન્ચાર્જ એ.એસ.આઇ જાવેદખાન રાધનખાન નાઓને શંકા જતા આ બાળકોને જગાડી નામઠામ પુછતા તેમણે પોતાના નામ (૧) રોજીના ઉ.વ ૧૦ (૨) ઇકરા ઉ.વ ૦૮ (૩) મહેક ઉ.વ ૦૬ (૪) ખુશી ઉ.વ ૦૬ (૫) તબસ્સુમ ઉ.વ ૦૨ હોવાનુ જણાવેલ અને પોતે ભુલા પડી ગયેલા છે તેવુ જણાવતા હોઇ આ પાંચેય બાળકોને રામોલ પોલીસ સ્ટેશન લાવવામાં આવેલ અને તેમના વાલી વારસની શોધખોળ ચાલુ કરેલ જેમાં ૬ કલાકની મહેનત બાદ તપાસ કરતા રામોલ ગામ તલાવડી પાસે રહેતા સલમાબેન ઉસ્માનભાઇ મલેક નાઓના પાંચ બાળકો હોવાનુ માલુમ પડેલ જેમાં તેમણે જણાવેલ કે તેઓ પોતાના પતિ માટે દવા લેવા સીવીલ હોસ્પીટલ ગયા હતા તે દરમ્યાન તેના બાળકો રમતા-રમતા ક્યાંક જતા રહ્યા હતા અને ખાત્રી તપાસ કરી તેમને બાળકોનો કબજો સોપવામાં આવેલ છે આમ ભુલા પડી ગયેલા પાંચ બાળકોને તેમના ઘર પરીવાર સુધી પહોચાડવામાં રામોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓને સફળતા મળેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.